ICCની ટી-20 વર્લ્ડકપ વિવાદ મામલે PCBને ચેતવણી

ભારત સામેની મેચની બહિષ્કાર બદલ બ્રોડકાસ્ટર્સ PCB વિરુદ્ધ કોર્ટમાં જઈ શકે : આઇસીસી

આઇસીસી પાકિસ્તાનનો વાર્ષિક હિસ્સો અટકાવીને તેમાંથી બ્રોડકાસ્ટર્સને ચૂકવણી કરી શકે છે

કરાચી/નવી દિલ્હી, તા. 03 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) ને ચેતવણી આપી છે કે 15 ફેબ્રુઆરીએ ભારત સામેની ટી20 વર્લ્ડ કપ મેચનો બહિષ્કાર કરવા બદલ તેને ટુર્નામેન્ટના સત્તાવાર પ્રસારણકર્તા, જીઓસ્ટાર તરફથી કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે, એમ પીસીબીના એક સૂત્રએ મંગળવારે જણાવ્યું હતું.

પાકિસ્તાને તેની સરકારના નિર્દેશ પર 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે, પરંતુ તેણે હજુ સુધી આઇસીસીને આ નિર્ણયના કારણોની ઔપચારિક કે લેખિત માહિતી આપી નથી, પરંતુ આ બહિષ્કારના નિર્ણયને વર્લ્ડકપમાંથી બાંગ્લાદેશને બહાર કર્યા પછી તેના સમર્થનમાં લેવામાં આવેલા પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે. પીટીઆઈએ પહેલાથી જ સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે આઈસીસી પાકિસ્તાનનો વાર્ષિક આવક હિસ્સો લગભગ 35 મિલિયન ડોલર રોકી શકે છે અને તે જ રકમમાંથી બ્રોડકાસ્ટર્સને ચૂકવણી કરી શકે છે.

પીસીબીના એક સૂત્રએ જણાવ્યું હતું કે બોર્ડના અધ્યક્ષ મોહસીન નકવીએ ગયા અઠવાડિયે વડા પ્રધાન શાહબાઝ શરીફને આ મુદ્દા પર માહિતી આપતા પહેલા બોર્ડના કાયદાકીય નિષ્ણાતો સાથે સલાહ લીધી હતી, પરંતુ તેમ છતાં બોર્ડ ગંભીર પરિણામો માટે તૈયાર છે.

પીસીબીના એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે, જો પાકિસ્તાન ભારત સામે ન રમવાનું ચાલુ રાખે છે, તો તેને નાણાકીય દંડ અને બ્રોડકાસ્ટર્સ તરફથી મુકદ્દમાનો સામનો કરવો પડી શકે છે.

વધુમાં, આઈસીસી વિવાદ નિવારણ સમિતિ (ડીઆરસી)નો સંપર્ક કરવાના પ્રયાસો પણ નિષ્ફળ જઈ શકે છે. ICC DRC એક આંતરિક સમિતિ છે જે ICC બોર્ડ દ્વારા તેના નિર્ણયો સામે અપીલ સાંભળતી નથી.

બાંગ્લાદેશની ચૂંટણી પછી નકવી પોતાનો નિર્ણય એકાએક બદલી શકે

ઘણા લોકો માને છે કે 12 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીઓ અને વર્તમાન મોહમ્મદ યુનુસ સરકારની જગ્યાએ લોકશાહી સરકારની રચના પછી પાકિસ્તાનના ગૃહમંત્રી નકવી પોતાનો નિર્ણય બદલી શકે છે. નકવી ક્રિકેટ પ્રશાસક કરતાં રાજકારણી વધુ છે અને રાષ્ટ્રીય ટીમના હિતોની તેમને ખાસ ચિંતા નથી. તેઓ રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને ચૂંટણી પછી યુ-ટર્ન લઈ શકે છે એવું એક સૂત્રએ જણાવ્યું હતું. ભારત સામેની મેચ પહેલા બે દિવસ બાકી છે, અને પરિસ્થિતિ બદલાઈ શકે છે. નહીંતર, તેઓ જાણે છે કે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ પડી શકે છે.

પીસીબીને અનેક સમસ્યાનો સામનો કરવો પડી શકે

પીસીબીના અન્ય એક સૂત્રએ જણાવ્યું હતું કે, સરકારના નિર્દેશને અનુસરતા પીસીબીને સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે કારણ કે પાકિસ્તાન ભારતમાં નહીં પણ તેની ઇચ્છા મુજબ તેની બધી મેચ શ્રીલંકાના તટસ્થ સ્થળે રમી રહ્યું છે, બીજું, ભારત સરકારે તેની ટીમને પાકિસ્તાનમાં રમવાની મંજૂરી આપી નથી, પરંતુ મે મહિનામાં થયેલી અથડામણ પછી પણ એશિયા કપ અથવા ICC ટુર્નામેન્ટમાં તટસ્થ સ્થળોએ પાકિસ્તાન સામે રમવાથી રોકી નથી એવું તેમણે કહ્યું હતું.

બ્રોડકાસ્ટરને પીસીબી-આઇસીસીને કોર્ટમાં લઇ જવાનો સંપૂર્ણ અધિકાર

આઇસીસીએ તેની બધી ઇવેન્ટ્સ માટે બ્રોડકાસ્ટર સાથે ચાર વર્ષનો કરાર કર્યો હતો, ત્યારે તેમાં ભારત-પાકિસ્તાન મેચનો પણ સમાવેશ થતો હતો, જેના આધારે બ્રોડકાસ્ટરે આઇસીસી ને ચુકવણી કરી હતી. આ બાબતોને ધ્યાને લેતા પ્રસારણકર્તાને કરારના ભંગના આધારે પીસીબી અને આઇસીસીને કોર્ટમાં લઈ જવાનો સંપૂર્ણ અધિકાર રહેશે એવું કેટલાક સૂત્રોએ જણાવ્યું હતું.

U-19 વર્લ્ડકપ : આજે સેમીમાં અફઘાનિસ્તાન સામે ભારત ફેવરિટ

બપોરે 1.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

સર્વાધિક પાંચવારની ચેમ્પિયન ભારતીય ટીમ ફેવરિટ હોવા છતાં અફઘાનિસ્તાનને ઓછ આંકવાની ભુલ નહીં કરે

હરારે, તા. 03 (પીટીઆઈ) : અંડર-19 વર્લ્ડકપમાં આવતીકાલે બુધવારે અહીં રમાનારી બીજી સેમીફાઇનલમાં રમતના દરેક વિભાગમાં અત્યાર સુધીના પ્રભાવશાળી પ્રદર્શનથી ઉત્સાહિત, ભારતીય ટીમ અફઘાનિસ્તાન સામે ફેવરિટ તરીકે શરૂઆત કરશે. ભારત ટુર્નામેન્ટના ઇતિહાસમાં સૌથી સફળ ટીમ છે, જેણે 2000, 2008, 2012, 2018 અને 2022 એમ પાંચ વખત ટાઇટલ જીત્યું છે. તેમના પછી ઓસ્ટ્રેલિયા આવે છે, જેણે ચાર વખત ટ્રોફી જીતી છે. આ રીતે, ભારત બુધવારે રેકોર્ડ છઠ્ઠી વખત ટાઇટલ જીતવાની દિશામાં વધુ એક પગલું આગળ વધવાનો પ્રયાસ કરશે. ભારતે અત્યાર સુધી એક મજબૂત ટુર્નામેન્ટ રમી છે, તેણે પોતાની પાંચેય મેચ આરામથી જીતી છે, જેમાં સુપર સિક્સ તબક્કામાં કટ્ટર હરીફ પાકિસ્તાન સામે 58 રનથી વિજયનો સમાવેશ થાય છે. જોકે, ભારતીય ટીમ અફઘાનિસ્તાનને ઓછું આંકવાની ભૂલ કરશે નહીં. અફઘાનિસ્તાને પણ ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કર્યું છે, તેણે તેની પાંચમાંથી ચાર મેચ જીતી છે. તેનો એકમાત્ર પરાજય શ્રીલંકા સામે થયો હતો. જોકે, તેના ખેલાડીઓના ફોર્મ અને રમતના તમામ ક્ષેત્રોમાં તેમના ઉત્તમ પ્રદર્શનને કારણે, ભારતનો હાથ અફઘાનિસ્તાન સામે ઉપર રહી શકે વિકેટકીપર-બેટ્સમેન અભિજ્ઞાન કુંડુએ બેટિંગથી પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે. ડાબા હાથના આ બેટ્સમેને અત્યાર સુધીમાં પાંચ મેચમાં બે અડધી સદીની મદદથી ૧૯૯ રન બનાવ્યા છે. પાંચ મેચમાં બે અડધી સદી સહિત ૧૯૬ રન કરનાર ઓપનર વૈભવ સૂર્યવંશી પણ સારા ફોર્મમાં છે. ઓલરાઉન્ડર વિહાન મલ્હોત્રા પર પણ નજર રહેશે. કેપ્ટન આયુષ મ્હાત્રે બોલિંગમાં સતત સારો રહ્યો છે, તેણે પોતાની ઓફ-બ્રેક બોલિંગ દ્વારા પાંચ મેચમાં છ વિકેટ લીધી છે, પરંતુ તેની બેટિંગમાં સુધારાની જગ્યા છે. ઓપનર એરોન જ્યોર્જનું ફોર્મ પણ ભારત માટે ચિંતાનો વિષય છે કારણ કે જમણા હાથના આ બેટ્સમેન ત્રણ ઇનિંગ્સમાં ફક્ત 46 રન જ બનાવી શક્યો છે. ભારતની બોલિંગનું નેતૃત્વ જમણા હાથના ઝડપી બોલર હેનિલ પટેલ અને આરએસ એમ્બ્રીસ કરી રહ્યા છે. તેમને સ્પિનર ખિલન પટેલનો સારો સાથ મળ્યો છે.

ઓલિમ્પિકસનું શેડ્યુલ ફરી બનાવવાથી કેટલાક લોકો 'અસ્વસ્થ' થઈ શકે છે : કોવેન્ટ્રી

શું કામ કરે છે અને ક્યારેક તેનાથી પણ વધુ મહત્ત્વનું કામ કરતું નથી તે સમજવું પડશે : કર્સ્ટી કોવેન્ટ્રી

મિલાન, તા. 03 (એપી) : ઈન્ટકનેશનલ ઓલિમ્પિક્સ કમિટી (આઇઓસી)ના પ્રમુખ કર્સ્ટી કોવેન્ટ્રીએ મંગળવારે ચેતવણી આપી હતી કે ઓલિમ્પિક ગેમ્સ અને ઈવેન્ટ્સના સમયપત્રકમાં ફેરફાર કેટલાક લોકો માટે અસ્વસ્થતાભર્યું હોઈ શકે છે. આઇઓશીના ૧૩૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ મહિલા પ્રમુખ તરીકે તેમની પહેલી ઓલિમ્પિક (શિયાળુ) રમતો પહેલા આપેલા મુખ્ય ભાષણમાં,

કોવેન્ટ્રીએ તેમના કાર્યકાળની દિશા દર્શાવી.

કોવેન્ટ્રીએ ગયા વર્ષે જૂનમાં સમર અને વિન્ટર ઓલિમ્પિક ગેમ્સમાં 40 થી વધુ રમતોમાં 450 થી વધુ મેડલ ઈવેન્ટ્સની સમીક્ષા કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. તેમણે શુક્રવારે મિલાન-કોર્ટિના વિન્ટર ઓલિમ્પિક્સના ઉદઘાટન પહેલા IOC ની વાર્ષિક બેઠકમાં કહ્યુંકે આપણે પ્રામાણિકપણે સ્વીકારવું પડશે કે શું કામ કરે છે અને ક્યારેક તો તેનાથી પણ વધુ મહત્ત્વનું એ છે કે શું કામ કરતું નથી તે સમજવું પડશે. આનો અર્થ એ છે કે આપણે આપણી રમતો, સ્પર્ધાઓ અને કાર્યક્રમોને એક નવા દ્રષ્ટિકોણથી જોવું પડશે જેથી ખાતરી કરી શકાય કે આપણે સમય સાથે આગળ વધી રહ્યા છીએ એવું તેમણે કહ્યું.

કોવેન્ટ્રીએ કહ્યું કે આપણે મુશ્કેલ નિર્ણયો અને ચર્ચાઓનો સામનો કરવો પડશે, અને આ પરિવર્તનનો એક ભાગ છે.

હું જાણું છું કે આ ચર્ચાઓ અસ્વસ્થતાભરી હોઈ શકે છે, અને કદાચ હશે પણ. જો આપણે આવનારી પેઢીઓ માટે ઓલિમ્પિક રમતોને મજબૂત રાખવા માંગતા હોઈએ તો તે જરૂરી છે. છેલ્લા દાયકામાં સમર ઓલિમ્પિક ગેમ્સમાં યુવાનોને આકર્ષવા માટે સ્કેટબોર્ડિંગ અને 3x3 બાસ્કેટબોલ જેવી શહેરી રમતોનો ઉમેરો થયો છે, જ્યારે બ્રેકડાન્સિંગનો પ્રારંભ 18 મહિના પહેલા પેરિસ ઓલિમ્પિકમાં થયો હતો.

તેમના નિવેદનમાં પરંપરા અને નવીનતા વચ્ચેના સંતુલનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે 2028ના લોસ એન્જલસ ઓલિમ્પિક પછી આધુનિક પેન્ટાથલોન જેવી સદી જૂની ઓલિમ્પિક રમતોના ભવિષ્યને અનિશ્ચિત બનાવી શકે છે.

T20 વર્લ્ડકપના ત્રીજા તબક્કા માટે ટિકિટનું વેચાણ શરૂ

નવી દિલ્હી, તા. 03 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ આગામી ટી-20 વર્લ્ડકપ માટે ટિકિટ વેચાણના ત્રીજા તબક્કાની શરૂઆતની જાહેરાત કરી છે. અગાઉ, ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ અને ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ પહેલા બે તબક્કામાં ટિકિટ વેચાઈ હતી, જે ઘણી સફળ રહી હતી. બીસીસીઆઈએ એક રીલિઝમાં જણાવ્યું હતું કે, આ નવીનતમ ઉમેરો ચાહકોને વિશ્વની ટોચની ટીમો ધરાવતી ટુર્નામેન્ટ દરમિયાન મેચો માટે બેઠકો મેળવવાની વધુ એક તક આપે છે. શનિવારથી શરૂ થનાર ટી-20 વર્લ્ડ પ ભારતના કેટલાક સૌથી પરિચિત ક્રિકેટ સ્થળો પર રમાશે, જેનાથી એવું વાતાવરણ બનશે જ્યાં ચાહકો સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટોચના આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ અને ટી-20 ફોર્મેટ સાથે સંકળાયેલા જુસ્સાને જોઈ શકશે.

યજમાન શહેરોમાં તૈયારીઓ અંતિમ તબક્કામાં પ્રવેશી રહી છે, ત્યારે BCCI, સંબંધિત હિસ્સેદારો સાથે મળીને, સ્થળની તૈયારી, સંચાલન આયોજન અને મેચ દિવસના અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. જે મેચોમાં ભારત નહીં રમે ત્યાં પણ દર્શકોની સારી હાજરીની અપેક્ષા બીસીસીઆઈ રાખી રહી છે. બીસીસીઆઈના પ્રમુખ મિથુન મનહાસે જણાવ્યું હતું કે, આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ એક વૈશ્વિક ઈવેન્ટ છે અને બીસીસીઆઈ આઈસીસી સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે જેથી તેનું ઉચ્ચતમ સ્તર પર આયોજન થાય.

તેમણે કહ્યું કે ટિકિટ વેચાણનો ત્રીજો તબક્કો હવે ખુલી ગયો છે, અમે તમામ ભાગ લેતી ટીમોમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ઊંડાઈ અને સ્પર્ધાત્મકતા દર્શાવતી મેચો માટે અમારા સ્ટેડિયમમાં ચાહકોનું સ્વાગત કરવા આતુર છીએ. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે, ટિકિટ વેચાણના પહેલા બે રાઉન્ડનો પ્રતિસાદ ખૂબ જ સારો રહ્યો છે અને તે આ વર્લ્ડ કપ પ્રત્યેનો ઉત્સાહ દર્શાવે છે.

ટેનિસ રેન્કિંગ : અલ્કારાઝ ટોચ પર યથાવત, જોકોવિચ ત્રીજા સ્થાને

મહિલા રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયન ઓપન હારવા છતાં સબાલેન્કા ટોચ પર યથાવત

મેલબોર્ન, તા. 03 (એપી) : ઓસ્ટ્રેલિયન ઓપન ફાઈનલમાં કાર્લોસ અલ્કારાઝ સામે હારી ગયેલો 24 વખતના ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ચેમ્પિયન નોવાક જોકોવિચ નવીનતમ વિશ્વ રેન્કિંગમાં ત્રીજા સ્થાને પહોંચી ગયા છે.

અલ્કારાઝે એટીપી ટૂરમાં બીજા ક્રમાંકિત યાનિક સિનરથી આગળ રહીને પોતાનું નંબર વન રેન્કિંગ જાળવી રાખ્યું છે.

ઓસ્ટ્રેલિયન ઓપન સેમિફાઈનલમાં સિનરને હરાવનાર જોકોવિચ એક સ્થાન ઉપર આવીને ત્રીજા ક્રમે પહોંચી ગયો છે. 38 વર્ષીય જોકોવિચ ઓગસ્ટ 2024 પછી પહેલીવાર ટોપ થ્રીમાં સ્થાન મેળવ્યું છે. WTA ટૂરમાં, ઓસ્ટ્રેલિયન ઓપન ફાઈનલમાં એલેના રાયબાકીના સામે હારી જવા છતાં, આરીના સબાલેન્કાએ પોતાનું ટોચનું રેન્કિંગ જાળવી રાખ્યું.

રાયબાકીના બે સ્થાન ઉપર ત્રીજા સ્થાને પહોંચી ગઈ, જ્યારે ઈગા સ્વિયાટેક બીજા સ્થાને રહી. ત્રણ અમેરિકન ખેલાડીઓ, અમાન્ડા એનિસિમોવા, કોકો ગૌફ અને જેસિકા પેગુલા, WTA રેન્કિંગમાં ચોથાથી છઠ્ઠા ક્રમે છે. સેમિફાઈનલમાં હારેલી એલિના સ્વિટોલીના બે સ્થાન ઉપર ચઢીને 10મા ક્રમે પહોંચી ગઈ છે.

MCCએ ક્રિકેટ નિયમોમાં 73 મહત્વના ફેરફારો કર્યા

ટેસ્ટ મેચોમાં વિકેટ પડે તો પણ દિવસની અંતિમ ઓવર પૂર્ણ કરવી ફરજિયાત બનાવાઇ

એમસીસીએ ક્રિકેટ કાયદામાં કરેલા આ 73 ફેરફારો આ વર્ષે ઓક્ટોબરથી અમલી બનશે

લંડન, તા. 03 (પીટીઆઈ) : મેરીલેબોન ક્રિકેટ ક્લબ (એમસીસી) એ ક્રિકેટના કાયદામાં કુલ 73 ફેરફારોની જાહેરાત કરી છે, જેમાં બહુ-દિવસીય અર્થાત ટેસ્ટ મેચોમાં દિવસની અંતિમ ઓવર દરમિયાન વિકેટ પડે તો સંપૂર્ણ ઓવર રમવાનું ફરજિયાત બનાવવાનો સમાવેશ થાય છે. નવા નિયમો આ વર્ષે ઓક્ટોબરથી અમલમાં આવશે. એમસીસીએ જણાવ્યું હતું કે 2022 પછી પહેલી વાર બહાર પાડવામાં આવેલા ક્રિકેટના નિયમોની નવી નકલનો હેતુ નિયમોને સમય સાથે સુસંગત બનાવવાનો અને તેમને આધુનિક રમતમાં વધુ સમાવિષ્ટ બનાવવાનો છે.

એમસીસીએ તેની વેબસાઇટ પર જણાવ્યું હતું કે બહુ-દિવસીય મેચોમાં દિવસની અંતિમ ઓવર હવે કોઈપણ સંજોગોમાં પૂર્ણ કરવી આવશ્યક છે. એમસીસીએ કહ્યું કે આમ કરવામાં નિષ્ફળતા રમતનો ઉત્સાહ ઘટાડે છે. એમસીસીએ સ્પષ્ટ કર્યું કે નવા નિયમ હેઠળ, જો પરિસ્થિતિઓ પરવાનગી આપે છે, તો અંતિમ ઇનિંગ પૂર્ણ થશે, ભલે ઇનિંગ દરમિયાન વિકેટ પડે. MCC એ વર્તમાન અને માજી મહિલા ખેલાડીઓ સાથે પરામર્શ કરીને, જુનિયર અને મહિલા ક્રિકેટમાં વપરાતા બોલ માટે નવા ધોરણો અને નામો પણ નક્કી કર્યા છે. MCC અનુસાર, બોલને હવે સાઈઝ 1, સાઈઝ 2 અને સાઈઝ 3 માં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. સાઈઝ 1 (પરંપરાગત પુરુષોનો બોલ) યથાવત છે, પરંતુ ત્રણેય શ્રેણીઓ માટેના ધોરણો હવે સમાન છે. ખર્ચ ઘટાડવા માટે MCC એ ઓપન-એજ ક્રિકેટમાં લેમિનેટેડ બેટના ઉપયોગને પણ મંજૂરી આપી છે. અગાઉ, આવા બેટને ફક્ત જુનિયર ક્રિકેટમાં જ મંજૂરી હતી. વિકેટકીપર અંગેના નિયમમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે, જો બોલ ફેંકતા પહેલા વિકેટકીપર સ્ટમ્પ પર અથવા તેની બહાર ઊભો હોય, તો તેને નો-બોલ ગણવામાં આવશે નહીં.

સુડોકુ - ૬૪૩૮ - 'ઝૂલ'

૫	૭	૯	૮	૨				
૮			૫	૧		૨	૪	૯
	૧	૨				૮		૭
	૪	૫	૭	૩	૬	૯		
૬	૯			૮			૩	
	૮	૩	૧		૯	૬	૨	૪
૧	૨	૮	૬				૯	
૯			૩	૪	૧		૮	૨
૩	૫	૪				૧		૬

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૧૬૧૫-ઇફ્રુ ક્રીડ્સિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

હરસ મસા

હાલ મૂળા સારા મળે છે. શાસ્ત્રોમાં મૂળાની સુકવણી વખાણી છે.

કાતરી કરી સૂકવી રાખો. હરસના દર્દીએ રોજ સવારે અને બપોરે લીંબુ સિંધવ નાંખી એક એક મૂળો ખાવો. એક મૂળો પાન સાથે છૂંદીને કાઢેલો રસ પીવાથી પંદર દિવસમાં રાહત થાય છે.

શબ્દગુંફન - ૭૧૬૧

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. ત્રણ કાળ જોઈ શકનારું (૫)
૫. એક રાશિ (૨)
૭. શોધ, તપાસ (૩)
૯. શિવલિંગ પર લટકતો ઘડો (૩)
૧૧. માનવકુળના ઉત્પાદક એવા આદિ માનવ (૨)
૧૨. હાથી (૩)
૧૩. અપ્રીતિ, અરુચિ (૩)
૧૪. ટેવ, વ્યસન (૨)
૧૫. ફળની ઈચ્છાવાળું (૩)
૧૭. જન્મારો (૨)
૧૮. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૨)
૨૦. ફળની અંદરનો ગર્ભ (૨)
૨૨. ખૂબી, વાહવાહ (૪)
૨૩. અસર (૪)
૨૪. નકામો લવારો (૪)
૨૬. અવાજ (૨)
૨૮. હવા પેસી શકે તેવી તડ (૩)
૩૦. અન્ય, બીજું (૨)
૩૨. ઝૂંપડું, ઘર (૩)
૩૩. વાયુ, હવા (૩)

ઊભી ચાવી
૨. પત્ર (૩)
૩. બળેલું, દાઝેલું (૨)
૪. કસબ, હુન્નર (૨)
૬. વારસ વિનાનું (૪)
૭. પાતળું, નાનું (૨)
૮. દુર્યોધનની પત્ની (૪)
૯. મળેલી જમીન કે રકમ (૩)
૧૦. જમીન ખોદવાનું ઓજાર (૩)
૧૧. સાચા મનનું (૪)
૧૬. હોશિયારી, બાહોશી (૫)
૧૯. ગુમાસ્તો, મુનીમ (૪)
૨૦. કંગાલ, દીન (૩)
૨૧. તારો (૩)
૨૩. કલબલાટભરી બોલીવાળું એક પક્ષી (૩)
૨૫. કાપડ, લૂગડું, વસ્ત્ર (૩)
૨૭. જંગલ (૨)
૨૮. ફરિયાદી (૨)
૨૯. ગોટાળો, વાંધો (૨)
૩૧. પગથિયાંવાળો કૂવો (૨)

૧૩૧૭ - ઇફ્રુ ખ્રુઁઇઝાઇ

આજનું પંચાંગ

તા. 04/02/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** મહા
તિથિ: વદ: : 24:10
અયન : ઉત્તરાયન **ઋતુ :** શિશિર
રાષ્ટ્રિય દિનાંક : મહા: 15
યોગ : અતિગંડ **કરણ:** વણિજ
નક્ષત્ર : પૂ.ફા.: 22:13
રાશિ: સિંહ (મ.ટ.) 28:22 પછી કન્યા (પ,ઠ,ણ)
દિવસ : સામાન્ય- બુધનો પશ્ચિમમાં ઉદય- હર્ષલ- માર્ગી-08:04 થી
સુરતમાં સૂર્યોદય : 07:16 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:29
નવકારસી : 08:04
પારસી વર્ષ : 1395 શેહરેવર માસનો 15મો રોજ
મુસલમાન વર્ષ : 1447, શાબાન માસનો 24મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે : 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): લેવડ-દેવડમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે. નોકર-ચાકરથી નુકસાન થાય. કામનો બોજ વધશે.

વૃષભ (બ,વ,ઉ,): નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. બીજાના કામમાં દખલ કરવી નહી. હિતશત્રુઓથી સાવધાન, બહારનાં કામ વધશે.

મિથુન (ક,છ,ઘ,): ઉત્સાહજનક સમાચાર આત્મવિશ્વાસ વધારશે. વેપાર-ધંધામાં પ્રગતિ થાય. પોતાની બુદ્ધિનો ઉપોગ કરવો.

કર્ક (ડ,હ,): બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે. નવા કામ માટે મદદ મળે. પ્રવાસ, દલાલી, ટેકનોલોજી, શિક્ષણ જેવા કામમાં લાભ થાય.

સિંહ (મ,ટ,): આર્થિક બાબતે કોઈની વાતોમાં આવવું નહી. નવાં લોકોને મળવાનું થાય. પારિવારિક મેળાવડામાં -વ્યસ્ત રહેવાનું.

કન્યા (પ,ઠ,ણ,): આવક વધશે અને બિનજરૂરી ખર્ચા પણ વધશે. આરોગ્ય નરમ રહે. આળસના કારણે તક નીકળી જઈ શકે.

તુલા (ર,ત,): શેર, સટ્ટા, લોટરી, વાયદામાં બુદ્ધિપૂર્વક રોકાણ કરવું. પ્રેમમાં વિઘ્નો આવશે.

વૃશ્ચિક (ન,ય,): કાર્ય સ્થળ પર નવા ફેરફાર થાય. પોતાની યોજના પાર પડશે. નોકરીમાં પ્રમોશન મળે. સરકારી કામમાં મદદ.

ધન (ભ,ધ,ફ,ઢ,): સતસંગ, અધ્યાત્મ અને જ્ઞાન-ગૂઢ-વિદ્યામાં મનને શાંતિ મળે. અચાનક શુભ સમાચાર મળે.

મકર (ખ,જ,): આંખની કાળજી રાખવી. ઉધાર લેવા-દેવાનું ટાળવું. વીલ-વારસાના કામમાં વિઘ્નો આવે.

કુંભ (ગ,સ,શ,ષ,): સરકારી કામમાં સાવધાની રાખવી. ચોર-લૂંટારુથી બચવું. આરોગ્યના ખર્ચા વધે. ગુસ ભય રહે.

મીન (દ,ચ,ઝ,થ,): નવા ઘર કે ઓફિસ ખરીદીની યોજના બને. કોર્ટ, કચેરીમાં સાવધાની રાખવી.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 04 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતીનો અનુભવ વધારશે. નોકરી-ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે. અને સરકારી કામનો બોજ અને દોડધામ તથા નવા ફેરફારથી અશાંતિ વધારશે. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ અને ઉઘરાણીની ચિંતાવાળુ વર્ષ પસાર થશે. સમાજમાં સામાન્ય રહે. નોકરી-ધંધા-વ્યવસાય અને સમાજ વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. મિત્રો વડીલોની મદદ-સંતાનોના અભ્યાસ-કેરીયરમાં મળે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. નવા ઘર, વાહન, મકાન તથા વારસા, જમીન, જાયદાદના કામ વર્ષ દરમ્યાન થતાં રહેશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈમાં નોકરી-ધંધામાં અનુકૂળતા વધશે. નવેમ્બર ડીસેમ્બરમાં ખર્ચા વધશે. રવિ-સોમ-બુધ અને 4,13, 22,31 તારીખ શુભ, શનિ શુક્ર અને 7,16,25 તારીખ અશુભ, સફેદ રંગનો ઉપયોગ ટાળવો. ભુરા રંગના ઉપયોગ કરતાં રહેવું.

અનુસંધાન ... પાના પહેલાનું

રોકાણકારોની સંપત્તિમાં ...

અને અમેરિકાએ લાંબા સમયથી પ્રતિક્ષિત વેપાર કરારની જાહેરાત કર્યા પછી મંગળવારે ભારતીય શેરબજારે એક દિવસનો સૌથી મોટો વધારો જોયો હતો, જેનાથી એપ્રિલ 2025 થી ભારતીય બજારો પર તોળાઈ રહેલી ટેરિફ સંબંધિત ચિંતાઓ ઓછી થઈ છે. મુખ્ય લાભાર્થીઓમાં ઓટો એન્સિલરી, સંરક્ષણ, ટેક્સટાઈલ, EMS, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, IT સેવાઓ અને યુટિલિટીઝનો સમાવેશ થાય છે, જ્યારે નાણાકીય ક્ષેત્રમાં સુધારેલી વૃદ્ધિની સંભાવના દ્વારા દ્વિતીય સ્તરના લાભો જોવા મળી શકે છે એવું તેમણે ઉમેર્યું હતું. ઇન્ડેક્સમાં, સર્વિસીસમાં 4.86 ટકાનો ઉછાળો આવ્યો હતો, ત્યારબાદ રિયલ્ટી (4.79 ટકા), પાવર (4.79 ટકા), યુટિલિટીઝ (3.92 ટકા), કેપિટલ ગુડ્સ (3.71 ટકા), ઇન્ડસ્ટ્રિયલ્સ (3.44 ટકા), કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી (3.06 ટકા), મેટલ (2.85 ટકા), હેલ્થકેર (2.83 ટકા) અને ફાઈનાન્શિયલ સર્વિસીસ (2.83 ટકા) નો સમાવેશ થાય છે. BSE પર કુલ 3,304 શેરો વધ્યા હતા જ્યારે 981 ઘટ્યા હતા અને 137 યથાવત રહ્યા હતા.

રૂપિયામાં 122 ...

હેઠળ યુએસ ભારતીય માલ પરના બદલો ટેરિફ ઘટાડીને 18 ટકા કરશે, જે ચીન, બાંગ્લાદેશ અને વિયેતનામ જેવા દેશો દ્વારા લાદવામાં આવેલા ટેરિફ કરતા ઓછો છે. ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો 90.30 પર ખુલ્યો હતો. દિવસ દરમિયાન તે સૌથી વધુ 90.05 અને સૌથી નીચે 90.52ની વચ્ચે વધઘટમાં રહીને પછી 90.27 પ્રતિ ડોલર પર બંધ થયો હતો. સોમવારે રૂપિયો 44 પૈસા વધીને 91.49 પ્રતિ ડોલર પર બંધ થય